# તન્વાંગી પુરસ્કાર

— સાંકળચંદ પટેલ

દર વર્ષે બહાદુર અને પરોપકારી બાળકોને પુરસ્કાર આપી, રાષ્ટ્રપતિના હસ્તે તેમનું સન્માન કરવામાં આવે છે. આ વર્ષે આવું સન્માન સાત વર્ષની તન્વાંગીને પણ મળ્યું હતું.

તન્વાંગીને કઈ ઘટનામાં સન્માન મળ્યું હતું તે કહું ?

''હા, કહો.''

વાત જાણે એમ બની હતી કે....

ઉનાળાના દિવસો હતા. ગરમી કહે મારું કામ, બહાર તો લમણા શેકાઈ જાય એવી ગરમી. શાળાઓમાં વેકેશન ચાલે. પછી બાળકોને રમ્યા વગર કેમ ચાલે ?

બપોરે જમ્યા પછી તન્વાંગીની મમ્મીએ કહ્યું : ''તન્વી, ચાલ મારી સાથે ઓરડામાં થોડીક વાર સૂઈ જા !''

''ના, મમ્મી ! હું તો ભાઈની સાથે ઓસરીમાં રમું છું !''

''સારું, પણ ગરમીમાં બહાર જતાં નહિ !'' મમ્મીએ સૂચના આપી.

તન્વાંગી અને નિશિત ઓસરીમાં રમવા લાગ્યાં. પછી થોડી વાર થઈ એટલે તન્વાંગીએ કહ્યું : ''ચાલ, નિશિત, આપણે બહાર રમવા જઈએ, મમ્મી ઊંઘી ગઈ લાગે છે !''

નિશિતે ધીરેથી બારણું ખોલ્યું. પછી બંને ભાઈ–બહેન ચુપચાપ બહાર નીકળી ગયાં અને ચોકમાં જઈને બીજાં બાળકો સાથે રમવા લાગ્યાં.

એટલામાં પાછળના બંગલા આગળ શોરબકોર થવા લાગ્યો બધાં બાળકો રમત બંધ કરીને ત્યાં દોડી ગયાં.

બંગલાની આગળ ભીડ જામી ગઈ હતી. બંગલાનું બારણું અંદરથી બંધ હતું. બારીમાંથી ધુમાડાના ગોટેગોટા બહાર નીકળતા હતા. અંદરથી દોઢ–બે વર્ષનો બાળક ચીસો પાડતો હતો. બહાર બાળકની માએ રડારોળ મચાવી મૂકી હતીઃ ''મારા બાળકને કોઈ બચાવો ! બારણું તોડી નાંખો, ગમે તે કરો પણ મારા લાલને બહાર કાઢો....!''

ભીડના લોકો બાળકને બહાર કેવી રીતે કાઢવો તેના તર્ક–વિતર્કો કરી રહ્યા હતા. ત્યારે નિશિત તન્વાંગીને એક બારી બતાવીને કહી રહ્યો હતોઃ ''તન્વી, તું પાતળી છે એટલે બારીના સળિયામાંથી અંદર જઈ શકીશ. અંદર જઈને તું બારણું ખોલી નાંખ, પછી બાકીનું કામ હું કરી લઈશ.''

પળનો પણ વિલંબ અને વિચાર કર્યા વગર તન્વાંગીએ સળિયાઓમાં પોતાના પગ દાખલ કર્યા. બહારથી નિશિતે તેના હાથ પકડી રાખ્યા. પછી તન્વાંગી આખી અંદર જતી રહી એટલે નિશિતે તેના હાથ છોડી દીધા.



તરત જ તન્વાંગી બારણા પાસે પહોંચી ગઈ અને બારણાની આંકડી ખોલી નાખી. બારણું ઊઘડી ગયું. એ જ ઘડીએ નિશિત અંદર ઘૂસી ગયો. તન્વાંગી બાળકને લઈને બારણા પાસે જ ઊભી હતી. નિશિતે બંનેને બહાર ખેંચી લીધાં.

બહાર ભીડ આ નાનાં બાળકોની બહાદુરીનાં વખાણ કરી રહી હતી, ત્યારે માતાએ ત્વરાથી નિશિત પાસેથી પોતાના બાળકને તેડી લીધો અને તેને કોઈ ઈજા તો થઈ નથી ને તે જોવા લાગી.

પછી કોઈકે પૂછ્યું : ''બાળક અંદર કેવી રીતે પુરાઈ ગયો હતો અને ઘરમાં આગ કેવી રીતે લાગી હતી?''

માતાએ કહ્યું : ‘‘બાબો ઘરમાં રમતો હતો, એટલે તેને મૂકીને હું રાધાબહેનને મારી નવી સાડી બતાવવા ગઈ હતી. રમતમાં ને રમતમાં તેણે અંદરથી બારણું બંધ કરી દીધું. આગ કેવી રીતે લાગી હશે તેની તો મને ય ખબર નથી.’’

તપાસ કરતાં ખબર પડી કે વીજળીનું શોર્ટ–સર્કિટ થવાથી આગ લાગી હતી.

રાષ્ટ્રપતિએ નાની તન્વાંગીને પુરસ્કાર આપી તેનું સન્માન કર્યું, તે ટી.વી.માં બધાંએ જોયું હતું. નાનકડી તન્વાંગીએ પોતાના ગામનું ગૌરવ આખા દેશમાં વધાર્યું હતું, એ જોઈ ગામ લોકોએ પણ ફંડ ભેગુ કરીને પોતાના ગામમાં ‘તન્વાંગી પુરસ્કાર’ શરૂ કર્યો.

■